મમતા સામે મોદીના આકરા પ્રહાર

સિલીગુડી, તા.૧૦

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઝંઝાવતી પ્રચાર કરીને સિલીગુડી અને રાંચી સહિત ઘણા ભાગોમાં ચૂંટણી સભા સંબોધી હતી અને મોદીએ કોંગ્રેસ, યુપીએ, ટીએમસીની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ તેમના ભાષણમાં વિકાસ, બાંગ્લાદેશી ઘુસણખોરો અને અન્ય તમામ સળગતા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. રાંચીમાં મોદીએ કહ્યું હતું કે, ભારતમાં છેલ્લા ૧૦ વર્ષથી કાળા જાદુ કરનાર લોકોનું શાસન છે તેનાથી હવે મુક્ત થવાનો સમય છે. જમશેદપુરમાં પણ મોદીએ રેલી યોજી હતી અને કહ્યું હતું કે, રોજગારીની તકો ખતમ થઈ ગઈ છે. ખેડૂતોની હાલત કફોડી બનેલી છે. સેનાના જવાનોના માથા ઉડાવવામાં આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની પણ જોરદાર ઝાટકણી કાઢી હતી. હજુ સુધી મમતા બેનરજી માટે હળવું વલણ અપનાવનાર મોદીએ આજે તેમની આકરા શબ્દોમાં ટિકા કરી હતી અને કહ્યું હતું કે, મમતા બેનરજી વોટ બેંકની રાજનીતિ રમી રહ્યા છે. ટીએમસીના શાસન દરમિયાન પશ્ચિમ બંગાળમાં કોઈપણ વાસ્તવિક પરિવર્તન નથી. મોદીએ વિશાળ ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, જ્યારે બંગાળમાં સરકાર બદલાઈ ત્યારે એવું લાગતું હતું કે, બંગાળમાં વિકાસ થશે પરંતુ બંગાળમાં કંઈ પણ થયું નથી. માત્ર વોટબેંકની રાજનીતિ રમાઈ રહી છે. મોદીએ મમતા બ્પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, જ્યારે સુધી મમતા બેનરજી મોદીની ટિપ્પણી કરતા નથી ત્યાં સુધી તેમને કોઈ વાત પચતી નથી. બેનરજીએ હાલમાં જાહેર સભાઓ દરમિયાન મોદીને કોમવાદી કહ્યા છે અને ગુજરાત રમખાણ માટે મોદી ઉપર દોષારોપણ કર્યા છે. ફેબ્રુઆરી મહિનામાં કોલકાતામાં જ્યારે મોદીએ અગાઉની રેલી યોજી ત્યારે મમતા બેનરજીના મુદ્દે મોદીએ હળવું વલણ અપનાવ્યું હતું અને લોકોને બંગાળમાં મમતા અને દિલ્હીમાં ભાજપ માટે અપીલ કરી હતી પરંતુ આજે તેમણે યુ ટર્ન લઈને મમતાની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ તેમની વિશેષ અદામાં

કહ્યું હતું કે, નવી સરકાર સત્તામાં આવ્યા બાદથી બે વર્ષ થઈ ચુક્યા છે પરંતુ કોઈ પરિવર્તન નથી. લોકો સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. જો દિલ્હીમાં મજબૂત અને પ્રગતિશીલ સત્તા આપશે તો દરેક નાની બાબતો પણ યોગ્ય દિશામાં આગળ વધી શકશે. હાલમાં બનાવટી પરિવર્તન દેખાય છે. હવે વાસ્તવિક પરિવર્તનનો સમય આવી ગયો છે. મોદીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીજી આપ જીતને કિચડ ઉછાલોગે ઉતના જ્યાદા કમલ ખિલેગા. મોદીએ કરોડો રૂપિયાની શારદા ચીટ ફંડ કૌભાંડજનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, દોષિતોને સજા થવી જોઈએ. જે લૂંટમાં સંડોવાયેલા છે તે લોકો ટૂંકાગાળામાં જ ઝડપથી આગળ વધી ગયા છે. જો તેમને વધારે સમય અને તક આપવામાં આવશે તો ખતરનાક સ્થિતિ સર્જાશે. કૌભાંડમાં તૃણમુલ કોંગ્રેસના કેટલાક નેતાઓ પણ જોડાયેલા છે. નરેન્દ્ર મોદીએ સિલીગુડીમાં પોતાના સંબોધનમાં અન્ય મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. લઘુમતી તરફી નીતિ રમવાનો મોદીએ આક્ષેપ કર્યો હતો. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવારે બાંગ્લાદેશમાંથી ઘુસણખોરી અને ગોરખાલેન્ડ માટેની બે માંગ ઉઠાવી હતી. તેમની સુરક્ષા માટે લોકો પોલીસ કરતા ગોરખાલોકો ઉપર વધારે વિશ્વાસ રાખે છે. દેશના જુદા જુદા ભાગોમાં બાંગ્લાદેશથી ઘુસણખોરીનો મુદ્દો સળગતો મુદ્દો બની ચુક્યો છે. ઘુસણખોરોએ લોકોની લાઈફ સામે ખતરો ઉભો કર્યો છે. મંચ ઉપર ગોરખા જનમુક્તિ મોરચાના પ્રમુખ બિમલ ગુરાંગ પણ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન રાંચીમાં પણ મોદીએ ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. મોદીએ સ્ટીલ શહેરની હાલત કફોડી કરવા બદલ યુપીએ સરકારને દોષિત ઠેરવી હતી. તેમણે કહ્યું હતું કે, એક વખતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, સ્વતંત્રતા બાદ કોંગ્રેસને વિખેરી દેવાની જરૂર છે. ગાંધીજી જાણતા હતા કે કોંગ્રેસના નેતાઓ શાસન કરવાની સ્થિતિમાં નથી. ગાંધીજીના સ્વપ્નને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. મોદીએ આજે પાંચ રેલીમાં તમામ પક્ષોને આવરી લીધા હતા.

એએપી હરિયાણામાં બધાને ચોંકાવી દેશે : યોગેન્દ્ર યાદવ

ગુડગાંવ, તા.૧૦

ગુડગાંવમાંથી લોકસભાની ચૂંટણી લડી રહેલા આમ આદમી પાર્ટીના ઉમેદવાર યોગેન્દ્ર યાદવે આજે લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટે સૌથી પહેલા મતદાન કરનાર લોકોમાં સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી હતી. ગુડગાંવમાં તેમના મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા યાદવે કહ્યું હતું કે, હરિયાણામાં આમ આદમી પાર્ટી નવી શરૂઆત કરશે. આ અમારી પ્રથમ ચૂંટણી છે. દિલ્હીની જેમ જ હરિયાણા પણ તમામ લોકોને ચોંકાવી દઈશું. હરિયાણામાં આજે તમામ ૧૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું. આમ આદમી પાર્ટીના નેતા યોગેન્દ્ર યાદવ ઉપરાંત દિલ્હીના ભૂતપૂર્વ

મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે પણ આજે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ કહ્યું હતું કે, દિલ્હીમાં પાર્ટી તમામ બેઠકો જીતી જશે. કેજરીવાલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, લોકોનો વિશ્વાસ અકબંધ રહેશે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ શાનદાર દેખાવ કર્યો હતો અને સૌથી વધુ બેઠક જીતનાર બીજી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી. આમ આદમી પાર્ટીને ૨૮ બેઠકો મળી હતી જ્યારે ભાજપને ૩૨ બેઠકો મળી હતી. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી પરંતુ ભાજપે સરકાર ન બનાવતા કેજરીવાલના નેતૃત્વમાં એએપીની સરકાર કોંગ્રેસના બહારથી ટેકા સાથે બની હતી. જો કે, આ સરકારનું ૪૯ દિવસમાં પતન થયું હતું.

અરૂણ જેટલીની હાર નિશ્ચિત : અમરિન્દર

અમૃતસર,તા.૧૦

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને અમૃતસરમાંથી કોંગ્રેસના ઉમેદવાર કેપ્ટન અમરિન્દરસિંહે આજે કહ્યું હતું કે, ભાજપના નેતા અરુણ જેટલી એક ડૂબતા જહાજ સમાન છે. તેઓએ અમૃતસરમાંથી ચૂંટણી લડવાના બદલે દેશના અન્ય કોઇ ભાગમાંથી ચૂંટણી લડવાની જરૂર હતી. અરુણ જેટલીને અમૃતસરમાં કોઇપણ લોકો પસંદ કરતા નથી જેથી તેમને અન્યત્રથી ચૂંટણી લડવાની જરૂર હતી. શિરોમણી અકાળી દળના લોકો અરુણ જેટલીને અમૃતસર લઇને આવ્યા છે. અકાળી દળથી પણ લોકો ત્રાસી ગયા છે. અમૃતસરમાં અકાળ દળના લોકો પણ અરુણ જેટલીને કઇ રીતે મદદ કરી શકે છે. અરુણ જેટલી અમરિન્દર સામે ચૂંટણી લડી રહ્યા છે. અગાઉ ભાજપે આ બેઠક પરથી નવજોત સિદ્ધૂને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. ભાજપે તેની ચૂંટણી સમિતિની બેઠકમાં સિદ્ધૂને પડતો મુકવાનો નિર્ણય કર્યો હતો. અમૃતસરને હાઈપ્રોફાઇલ બેઠક તરીકે ગણવામાં આવે છે. સિદ્ધૂને અન્ય ત્રણ બેઠકોની ઓફર કરવામાં આવી હતી જેમાં દિલ્હી, ચંદીગઢ અને કુરુક્ષેત્રનો સમાવેશ થાય છે પરંતુ સિદ્ધૂએ આ ઓફરો સ્વીકારી ન હતી.

કોમવાદી પરિબળોની સામે કોંગ્રેસ પાર્ટી લડત ચલાવશે

નવીદિલ્હી, તા.૧૦

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે આક્રમક નિવેદન કરીને કોમવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસ કોમવાદી પરિબળો સામે લડવામાં કટિબદ્ધ દેખાઈ રહેલા લોકોની સાથે કામ કરશે. ભારતના વાસ્તવિક અસ્તિત્વના રક્ષણ માટે લડાઈ જાળવી રાખવા રાહુલે અપીલ કરી હતી. રાહુલે એમ પણ કહ્યું હતું કે, સંપૂર્ણ તાકાત સાથે ભારતનું રક્ષણ કરવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસ મલિયાલમ મુખપત્રને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ચૂંટણીમાં ખુબ શાનદાર દેખાવ કરશે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ-૩ સરકાર બનાવશે. ગઠબંધન અંગે

અમારી નીતિ હમેશા સ્પષ્ટ રહી છે. બિનસાંપ્રદાયિકવાદને લઈને કોંગ્રેસ કટિબદ્ધ છે. કોમવાદી તત્વો સામે લડત ચલાવવામાં આવશે. સંકુચિત રાજકીય લાભ માટે લડી રહેલા અને ભારતને વિભાજિત કરી રહેલા લોકો સામે લડાઈ ચલાવમાં આવશે. નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, અમારા હરીફો એક એવા ભારતની ઈચ્છા રાખે છે જેમાં ગરીબો માટે કોઈ જગ્યા ન રહે. જુદા જુદા ધર્મ અને વિચારધારાની કોઈ જગ્યા ન રહે. એક વ્યક્તિગતના હાથમાં તમામ સત્તા રહે તેમ ઈચ્છે છે.

દેશમાં કોઇ મોદી લહેર દેખાતી જ નથી : પ્રિયંકા

નવી દિલ્હી,તા.૧૦

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા ગાંધી વાઢેરા અને તેમના પતિ રોબર્ટ વાઢેરાએ આજે દિલ્હીમાં લોકસભા ચૂંટણી દરમિયાન તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પ્રિયંકાએ મતદાન કર્યા બાદ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દેશમાં કોઈપણ મોદી લહેર દેખાતી નથી. તેમણે કહ્યું હતું કે, તેઓ માત્ર રાયબરેલી અને અમેઠીમાં ચૂંટણી પ્રચાર કરશે. આ મતવિસ્તાર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના છે. સવારે દિલ્હીમાં મતદાનની શરૂઆત થયા બાદ કલાકોના ગાળામાં જ પ્રિયંકા મતાધિકારનો ઉપયોગ કરવા માટે તેમના પતિ રોબર્ટ વાઢેરા સાથે પહોંચ્યા હતા. રોબર્ટ વાઢેરાના વસ્ત્રોને લઈને ઘણા લોકોએ ટ્વિટર ઉપર પ્રશ્નો પણ ઉઠાવ્યા હતા. આ દંપત્તિએ નવી દિલ્હી મતવિસ્તારમાં લોધી રોડ ખાતે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન કર્યા બાદ આ બંને મિડિયાની સાથે વાતચીત કરવા પણ આવ્યા હતા. જો કે, પ્રિયંકાએ કોઈ વધારે વાત કરી ન હતી. પ્રિયંકા ચૂંટણી પ્રચારને લઈને ખુબ જ મર્યાદિત રહ્યા છે. પ્રિયંકા વાઢેરાએ પદડા પાછળ કોંગ્રેસની ઘણી મોટી જવાબદારી સંભાળી છે જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના ચૂંટણી કાર્યક્રમનો સમાવેશ થાય છે. પ્રિયંકા ઘણી વખત કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે વાતચીત પણ કરી ચુકી છે. પ્રિયંકાએ માહિતી આપતા કહ્યું હતું કે, દેશમાં તેમને હાલમાં કોઈ મોદી લહેર દેખાતી નથી. કોંગ્રેસ મજબૂતી સાથે ઉભરી આવશે અને સારો દેખાવ કરશે. પ્રિયંકા ગાંધી મતદાન કરવા માટે પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં મિડિયાના લોકો પણ તેમની સાથે દેખાયા હતા.

પ્રિયંકાની સુરક્ષાને લઈને પણ સાવચેતી રાખવામાં આવી હતી. આ જ મતવિસ્તારમાં મોડેથી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પ્રિયંકા ગાંધીના નિવેદનને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આવનાર દિવસોમાં પ્રિયંકા ગાંધી વધુ મોટી ભૂમિકા અદા કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાયબરેલી અને અમેઠીમાં પ્રિયંકા જોરદાર પ્રચાર કરનાર છે.

ગેસની કિંમતો નક્કી કરવા પેનલની રચના નહીં કરાય

નવીદિલ્હી, તા.૧૦

પેટ્રોલિયમ મંત્રાલયે ગેસની કિંમતો દર ૧૫ દિવસમાં નક્કી કરવા આંતરપ્રધાન સ્તરની કમિટિની રચના કરવાની યોજના હાલ પુરતી પડતી મુકી દીધી છે. સી રંગરાજન કમિટિની ફોર્મ્યુલાના આધાર પર દર ૧૫ દિવસની અંદર ગેસની કિંમતો નક્કી કરવા આંતરપ્રધાન સ્તરની કમિટિ બનાવવાની યોજના બનાવવામાં આવી હતી પરંતુ હાલમાં આ યોજના પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા પડતી મુકવામાં આવી છે. પેટ્રોલિયમ મંત્રાલય હવે ઈચ્છે છે કે, તેની ખાસ પાંખ પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલીસીસ સેલ દ્વારા દર ૧૫ દિવસની અંદર જટિલ ફોર્મ્યુલાના આધાર પર ગેસની કિંમતો નક્કી કરવાની મંજુરી આપે. આ ફોર્મ્યુલા જાન્યુઆરી મહિનામાં નક્કી થઈ હતી. લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ હવે આચારસંહિતા અમલમાં છે જેથી તમામ યોજના પડતી મુકવામાં આવી છે. પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ શરૂઆતમાં આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો પરંતુ અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ અંતે આને લીલીઝંડી આપી દીધી હતી પરંતુ કમિટિને સોંપવાનો નિર્ણય લેવાયો હતો. હવે આ યોજના હાલ પુરતી મોકૂફ કરાઈ હતી. ગેસની કિંમત નક્કી કરવા આંતરપ્રધાન સ્તરની પેનલની રચના કરવામાં આવશે નહીં. ગેસ કિંમતો અંગે નોંધ સૌથી પહેલા સીસીઈએને સોંપવામાં આવી હતી. ત્યારબાદ ૨૭મી જૂન ૨૦૧૩ના દિવસે સીસીઈએ દ્વારા ગેસ કિંમતોની માર્ગદર્શિકાને લીલીઝંડી આપવામાં આવી હતી. નાણાં મંત્રાલય દ્વારા કેટલીક જટિલ ગુંચવણ ઉઠાવી હતી. ગેસની કિંમતો અંગેની માર્ગદર્શિકા હવે તૈયાર કરી લેવામાં આવી છે. ઓઈલ મંત્રાલય દ્વારા ગેસ કિંમતો નક્કી કરવા પીપીએસીને કહેવામાં આવ્યું છે. જાણવા મળેલી માહિતી મુજબ કેટલીક જટિલ બાબતો અને લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને આ યોજના હવે પડતી મુકવામાં આવી છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા વધારે ખુલાસો કરવામાં આવ્યો નથી. હાલમાં ડિઝલની કિંમતોમાં ૧૫ દિવસમાં સુધારો કરવાની યોજના પણ પડતી મુકવામાં આવી છે. આ યોજના હવે ફરી શરૂ કરવામાં આવે તેવી શક્યતા પણ ઓછી દેખાઈ રહી છે.

સમાચાર ઝલક

- મનરેગાનું ઓડિટ બોગસ, ઓડિટ પ્રમાણે રૂા. ૧૫૦૦ કરોડનો હિસાબ, સરકારે ખર્ચા રૂા. ૩૦,૦૦૦ કરોડ.
- ભારતમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા વધતા વિદેશી કંપનીઓ હોટલો ખોલશે.
- વિદેશમાં થતી ધાર્મિક યાત્રા પર સર્વિસટેક્સ સામે સંતોમાં રોષ.
- ૪થી મે એ કેદારનાથ મંદિરના દ્વાર ખુલશે.
- વિઝડન ક્રિકેટર્સ અલમાનેકની ૧૫૧મી આવૃત્તિના કવર પેજ પર સચિન તેડુલકર ચમકશે.
- અમેરિકામાં સ્કૂલ વિદ્યાર્થીની આડેધડ છરાબાજીથી ૨૦ વ્યક્તિઓ ઘવાયા.
- ગઢના નજીક વૃદ્ધ પટેલ દંપત્તિને ભર ઊંઘમાં જ રહેશી નંખાયા.
- કરોડોનું નહી ફક્ત હજારોના બજેટથી ચૂંટણી લડતા નાના પક્ષો.
- દેશમાં પ્રથમ મતદાર શ્યામ શરણ નેગી મતદાનની એક પણ તક ચુક્યા નથી.
- ચોમાસા માટે અલ-નીનો વિલન બને તેવી વકી.
- મલેશિયન વિમાન શોધવા રૂપિયા ૨૬૪ કરોડ ખર્ચાયા, ઇતિહાસનું સૌથી ખર્ચાળ અભિયાન.
- સન ફાર્માના રોકાણકારોનાં ૧ લાખનાં થયા ૫ કરોડ રૂપિયા.
- ચૂંટણીમાં કાળા નાણાં પર અંકુશ લાવવા એટીએમના કેશ પર બારીકાઇ ભરી નજર.
- અમદાવાદમાં આરટીઓ અધિકારીની પત્નીને ૯૯૯ નંબર ફાળવવામાં આવ્યો.
- મારૂતિની સિડેન ડિઝાયર મોડેલ કારમાં ખામી સર્જાતા ૧ લાખ કારો બજારમાંથી પાછી ખેંચાશે.
- સીંગતેલના ડબ્બામાં ૧૩૦૦ની સપાટી તૂટી.
- દેશનું પ્રથમ વિમાન વાહન જહાજ વિક્રાંત રૂા. ૬૦ કરોડમાં વેંચાયું.
- નવા વર્ષમાં એસ.ટી. ૧૦૦૦ થી વધુ નવી બસો ખરીદશે.
- ચૂંટણીના માહોલનો ઝીણવટભર્યો અભ્યાસ કરતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.
- સરસ્વતી ચંદ્ર પછી દેવદાસ પણ ટીવી પડદે આવશે.
- ઐશ્વર્યા રાય બચ્ચન બીજા સંતાનની માતા બનવાની તૈયારીઓની અટકળો.
- હરિયાણામાં વાંટાઓનાં સંઘની માગણી, બહુ દિલાઓ વોટ લે જાઓ.
- રાજયમાં મતદારો વધુને વધુ મતદાન કરે તે માટે ચૂંટણીપંચ સજ્જ, સોશ્યલ મિડીયાનો પણ ઉપયોગ થશે.

આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે રજા જાહેર કરાઈ

નવીદિલ્હી, તા.૧૦

કેન્દ્ર સરકારે બીઆર આંબેડકરની જન્મજયંતિના દિવસે રજાની જાહેરાત કરી દીધી છે. આની સાથે જ ૫૦ લાખથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓને વધુ એક રજા મળી જશે. મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૪મી એપ્રિલ ૨૦૧૪ને બીઆર આંબેડકરના જન્મદિવસને ધ્યાનમાં લઈને રજા જાહેર કરવાનો નિર્ણય કરાયો છે. સમગ્ર ભારતમાં ઔદ્યોગિક પેઢીઓ સહિત તમામ કેન્દ્રિય સરકારની ઓફિસોમાં રજા રહેશે. ૧૪મી એપ્રિલ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ફરજિયાત રજા નથી. દર વર્ષે કેન્દ્ર સરકાર દેશભરમાં તેની ઓફિસો માટે રજાની જાહેરાત કરતી નથી. કેન્દ્ર અને દિલ્હી સરકારે હવે આજે ગુરુવારના દિવસે તમામ લોકો મતદાન કરી શકે તે માટે રજાની જાહેરાત કરી હતી. આગામી સપ્તાહમાં વધુ રજા આવશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે બીજી ત્રણ રજા આવશે જેમાં ૧૮મી એપ્રિલના દિવસે ગુડફ્રાઈડે રહેશે.

ચાર ધામની યાત્રાની તૈયારી હાલમાં યુદ્ધના ધોરણે જારી

દહેરાદૂન, તા.૧૦

ચાર ધામની યાત્રાને લઈને તમામ તૈયારીઓ ચાલી રહી છે પરંતુ આ વખતે ચાર ધામની યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વિશેષ કાળજી લેવામાં આવશે. આ વખતે કેદારનાથ તરફ દોરી જતા માર્ગ ઉપર માત્ર આઠ શ્રદ્ધાળુઓને માર્ગો પરથી જવાની મંજૂરી આપવામાં આવશે. ગયા વર્ષે આશરે ૧૩ લાખ શ્રદ્ધાળુઓએ બદ્રીનાથ અને કેદારનાથની મુલાકાત લીધી હતી. ગયા વર્ષેના વિનાશકારી પુર અને સુનામીના પરિણામ સ્વરૂપે ભારે નુકસાન થયું હતું. આ વર્ષે માત્ર ૭૭ શ્રદ્ધાળુઓએ જ કેદારનાથ માટે હેલિકોપ્ટર સેવાની પસંદગી કરી છે. ચાર ધામની યાત્રા સાથે ઉત્તરાખંડનું અર્થતંત્ર પણ સજીવન થશે. મેના પ્રથમ સપ્તાહમાં ચાર ધામની યાત્રા શરૂ થઈ રહી છે. ઉત્તરાખંડને ચાર ધામની યાત્રાથી સૈકડો કરોડ રૂપિયા મળી શકે છે. ચાર ધામની યાત્રા દરમિયાન સિઝન દરમિયાન બે કરોડ શ્રદ્ધાળુ પહોંચે છે.

ઉત્તરાખંડના અર્થતંત્ર ઉપર ધ્યાન આપવામાં આવે તો તમામને રાહત થાય છે. ટેક્સી ડ્રાઈવર, હોટલ બુકીંગ, હેલિકોપ્ટર સેવા અને રોડટેક્સ સહિતની જુદી જુદી આવક થાય છે. આ વખતે ગડવાલ મંડળ વિકાસ નિગમે માત્ર ૨૯૪ બુકીંગ કર્યા છે. ચાર ધામ માટેની તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. દર વર્ષે ગડવાલ મંડળ વિકાસ નિગમની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. ભાજપના નેતા અને ભૂતપૂર્વ પ્રધાનનું આ સંદર્ભમાં કહેવું છે કે દરેક શ્રદ્ધાળુ યાત્રા દરમિયાન દિવસમાં ચાર હજાર રૂપિયા ખર્ચ કરે છે. જો આ આંકડા ઘટી જાય તો પણ એકંદરે જંગી આવક થઈ શકે છે. રાજય સરકારે અમદાવાદ અને મુંબઈમાં સ્થિત ૨૫૦ ઓપરેટરો સાથે વાતચીત પણ કરી છે. અમદાવાદ અને મુંબઈમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ચાર ધામની યાત્રા ઉપર જાય છે. ઉત્તરાખંડ ટુરિઝમ ડેવલોપમેન્ટ બોર્ડના અધિકારીઓએ કહ્યું છે કે ઓપરેટરો સાથે વાતચીત ખૂબ ફળદાયી રહી છે. મુખ્યમંત્રી પણ કહી ચૂક્યા છે કે આ વખતે ચાર ધામની યાત્રામાં ભાગ લેનાર શ્રદ્ધાળુઓને વધુ સુવિધા મળે તેવા પ્રયાસ કરવામાં આવશે.

ઈન્કમટેક્સ કેસ : જયા ફરી કોર્ટ સમક્ષ ઉપસ્થિત ન થયા

ચેન્નાઈ,તા.૧૦

તમિળનાડુના મુખ્યમંત્રી અને અન્નાદ્રમુકના વડા જયલલિતા આજે ઈન્કમટેક્સ કેસના સંબંધમાં ચેન્નાઈમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવામાં સફળ રહ્યા ન હતા. જયલલિતા ફરી એકવાર નિષ્ફળ રહેતા તેમની તકલીફમાં હવે વધારો થઈ રહ્યો છે. જયલલિતાના વકીલે કોર્ટને માહિતી આપી હતી કે, લોકસભાની ચૂંટણી હાલમાં ચાલી રહી છે જેથી આ આધાર પર ટ્રાયલ કોર્ટની કાર્યવાહીમાં તેઓ ઉપસ્થિત રહી શકે તેવી સ્થિતિમાં નથી. કાર્યવાહીને લંબાવી દેવાની માંગ કરીને રજૂઆત કરવામાં આવી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે ચાર મહિનાની અંદર કાર્યવાહી પૂર્ણ કરવા કોર્ટને આદેશ કર્યો હતો. જયલલિતાએ કોર્ટમાં કાર્યવાહી પરિપૂર્ણ કરવા ચાર મહિનાની મહેતલ માંગી હતી. વકીલે કહ્યું હતં કે, મુખ્યમંત્રીએ ૧૦મી એપ્રિલના દિવસે તેની સમક્ષ ઉપસ્થિત થવા જયલલિતાને આદેશ કરવાનો ટ્રાયલ કોર્ટના હુકમને પડકાર ફેંકીને મદ્રાસ હાઈકોર્ટમાં સુધારણા અરજી કરવામાં આવી હતી. ઈન્કમટેક્સ માટેના વકીલે દલીલ કરી હતી કે, જયલલિતાએ કોર્ટના આદેશને પાળવા જોઈએ અને તેની સમક્ષ ઉપસ્થિત થવું જોઈએ. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કાર્યવાહી પહેલા મોકૂફ કરવામાં આવી હતી. ૨૦મી માર્ચના દિવસે કોર્ટે જયલલિતા દ્વારા દાખલ કરવામાં આવેલી મોકૂફી દરખાસ્તને ફગાવી દીધી હતી અને ત્રીજી એપ્રિલના દિવસે જયલલિતા અને શશીકલા બંનેને ઉપસ્થિત થવાનો આદેશ કર્યો હતો. જો કે, આ બંને કોર્ટમાં ઉપસ્થિત થઈ શક્યા ન હતા. તેમના વકીલે તેમની અંગત ઉપસ્થિતિની સામે અરજી દાખલ કરી હતી. ત્રીજી એપ્રિલના દિવસે કોર્ટે તેમની અરજીને ફગાવી દીધા બાદ આજે ઉપસ્થિત રહ્યા નથી. પરંતુ આજે પણ કોર્ટમાં ઉપસ્થિત થઈ શક્યા ન હતા. જયલલિતા અને શશીકલા નટરાજન ઉપર બે વર્ષના ટેક્સ રિટર્ન નહીં ભરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સ વિભાગની દલીલ છે કે, ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ની જોગવાઈ હેઠળ જયલલિતા અને શશીકલાએ સજાપાત્ર ગુના કર્યા છે.